ગ્રાન્ટ ઈન એઈડ સંસ્થાઓમાં આચાર્ય અને મદદનીશ શિક્ષકોની ભરતી માટેની પદ્ધતિ નક્કી કરવા બાબત

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.,
ઠરાવ ક્રમાંક: SJED/WOH/e-file/17/2022/0005/CHH-1 PF-2
સચિવાલય, ગાંધીનગર.
તા. /૦૯/૨૦૨૩

વંચાણે લીધા:-

(૧) આ વિભાગનો તા.૩૧/૦૭/૨૦૧૫નો જાહેરનામા નં.જીએચએચએચ-૪-૨૦૧૫-એમકેએમ-૧૦૨૦૧૪-૩૬૨૫૦-છ.

(૨) આ વિભાગનો તા.૦૨/૦૨/૨૦૧૭નો જાહેરનામા નં.જીએચએચએચ-૨-૨૦૧૭-મકમ-૧૦૨૦૧૪-૩૬૨૫૦-છ.

(૩) આ વિભાગનો તા.૨૮/૦૨/૨૦૨૩નો જાહેરનામા નં.GL/07/2023/sjed/msm/e-file/17/2023/0137/CHH Section.

(૪) આ વિભાગનો તા.૧૯/૦૬/૨૦૧૮નો જાહેરનામા નં.જીએચકેએચ/૧૨/૨૦૧૮/એમકેએમ/૧૦૨૦૧૪/૬૯૭૮૯૦/છ.

(૫) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરી, ગાંધીનગરનો તા.૨૧/૦૯/૨૦૨૩નો પત્ર નં. DSD/0303/09/2023.

**આમુખ :-**

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળના સમાજ સુરક્ષા પ્રભાગ હસ્તકના મદદનીશ શિક્ષક માટે વંચાણે લીધેલા ક્રમ-(૧), (૨), (૩) પરના જાહેરનામાથી ભરતી નિયમો નક્કી કરવામાં આવેલ છે. તથા વંચાણે લીધેલા ક્રમ (૪) પરના તા.૧૯/૦૬/૨૦૧૮ના જાહેરનામાથી આચાર્ય માટેના ભરતી નિયમો બહાર પાડવામાં આવેલ છે. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળના સમાજ સુરક્ષા પ્રભાગ હસ્તકની દિવ્યાંગ કલ્યાણ ક્ષેત્રે કાર્યરત ગ્રાન્ટ ઈન એઈડ સંસ્થાઓમાં મદદનીશ શિક્ષક અને આચાર્યની ભરતી શિક્ષણ વિભાગ હસ્તકના રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા લેવામાં આવેલ સ્પે.ટેટ-૧ (Special Teacher Eligibility Test-1) અને સ્પે.ટેટ-૨ (Special Teacher Eligibility Test-2) ની પરીક્ષાના પરિણામને અંતે બનનાર મેરિટના આધારે કરવાની મંજુરી આપવામાં આવેલ હતી. ગ્રાન્ટ ઈન એઈડ સંસ્થાઓમાં મદદનીશ શિક્ષક અને આચાર્યની ભરતી અંગેની પધ્ધતી માટે ગુણાંકન પધ્ધતિ, શરતો તથા પસંદગી સમિતિ દ્વારા ભરતી કરવા બાબતે નિયામકશ્રી સમાજ સુરક્ષા દ્વારા વંચાણે લીધેલ ક્રમ (૫) પરના તા.૨૧.૦૯.૨૦૨૩ના પત્રથી કરવામાં આવેલ દરખાસ્ત સરકારશ્રીના વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

પુખ્ત વિચારણાને અંતે નિયામકશ્રી**,** સમાજ સુરક્ષા ખાતાની કચેરી, ગાંધીનગરના વંચાણે લીધેલા ક્રમાંક:(૫) પરના પત્રથી કરવામાં આવેલ દરખાસ્ત અનુસંધાને સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળના સમાજ સુરક્ષા પ્રભાગ હસ્તકની દિવ્યાંગ કલ્યાણ ક્ષેત્રે કાર્યરત ગ્રાન્ટ ઈન એઈડ સંસ્થાઓમાં મદદનીશ શિક્ષક અને આચાર્યની ભરતી અંગે સંવર્ગના અમલી ભરતી નિયમો તથા તેમાં વખતો વખત થતા સુધારા મુજબની જોગવાઈઓનું પાલન કર્યા બાદ નીચે સુચવ્યા મુજબની ગુણાંકન પધ્ધતિ, શરતો તથા પસંદગી સમિતિ દ્વારા ભરતી કરવાની મંજુરી આપવામાં છે.

**જિલ્લા કક્ષાની ભરતી પસંદગી સમિતિ**

નીચે મુજબની જિલ્લા કક્ષાની પસંદગી સમિતિ રહેશે જે મદદનીશ શિક્ષક અને આચાર્યની જગ્યા ભરવા અંગેની કાર્યવાહી કરશે.

| | | |
|---|---|---|
| ૧ | **જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી** | **અધ્યક્ષ** |
| ૨ | **સમાજ કલ્યાણ અધિકારીશ્રી (અનુસૂચિત જાતિ કલ્યાણ)** | **સભ્ય** |
| 3 | **ચીફ ઓફિસર/પ્રોબેશન ઓફિસર** | **સભ્ય સચિવ** |

**મદદનીશ શિક્ષક પસંદગી માટે ગુણાંકન પધ્ધતિ**

નિયામકશ્રી**,** સમાજ સુરક્ષા હસ્તકના મદદનીશ શિક્ષકોના ભરતી નિયમોમાં જણાવેલ શૈક્ષણિક અને તાલીમી લાયકાત ધરાવતા અને સ્પેશિયલ ટેટ-૧ અને સ્પેશ્યલ ટેટ-૨ માં નિયત થયેલ લઘુત્તમ ગુણ મેળવેલ ઉમેદવારોની પસંદગી યાદી તૈયાર કરવા માટે નીચે મુજબ ગુણભાર (Weightage) આપવામાં આવશે.

| | | |
|---|---|---|
| ૧. | **સ્નાતકમાં મેળવેલ ગુણના** | **૨૦ ટકા** |
| ૨. | **સ્પેશ્યલ બી.એડ/સ્પેશ્યલ ડીપ્લોમાં (દિવ્યાંગતાની સંબધીત કેટેગરીની ભરતી અંગેના વિષયમાં)મેળવેલ ગુણના** | **૩૦ ટકા** |
| ૩. | **સ્પેશ્યલ ટી.ઈ.ટી.-૧/ સ્પેશ્યલ ટી.ઈ.ટી.-૨ માંથી મેળવેલ ગુણના** | **૫૦ ટકા** |

**આચાર્ય માટે ગુણાંકન પધ્ધતિ**

નિયામકશ્રી**,** સમાજ સુરક્ષા હસ્તકના આચાર્યના ભરતી નિયમોમાં જણાવેલ શૈક્ષણિક અને તાલીમી લાયકાત ધરાવતા અને સ્પેશિયલ ટેટ-૧

અને સ્પેશ્યલ ટેટ-૨ માં નિયત થયેલ લઘુત્તમ ગુણ મેળવેલ ઉમેદવારોની પસંદગી યાદી તૈયાર કરવા માટે નીચે મુજબ ગુણભાર (Weightage) આપવામાં આવશે.

| | | |
|---|---|---|
| ૧. | સ્નાતકમાં મેળવેલ ગુણના | ૨૦ ટકા |
| ૨. | સ્પેશ્યલ બી.એડ/સ્પેશ્યલ ડીપ્લોમાં (દિવ્યાંગતાની સંબધીત કેટેગરીની ભરતી અંગેના વિષયમાં)મેળવેલ ગુણના | ૩૦ ટકા |
| ૩. | સ્પેશ્યલ ટી.ઈ.ટી.-૧/ સ્પેશ્યલ ટી.ઈ.ટી.-૨ માંથી મેળવેલ ગુણના | ૫૦ ટકા |

**<u>શરતો અને પસંદગી સમિતિની રચના :-</u>**

1. નિયામક, સમાજ સુરક્ષા હસ્તકની દિવ્યાંગ કલ્યાણ ક્ષેત્રે કાર્યરત સંસ્થાઓમાં શિક્ષકો/આચાર્યની મળવાપાત્ર જગ્યાઓ, સંસ્થામાં મંજુર થયેલ જગ્યા પૈકી હાલમાં ગ્રાન્ટ ઈન એઈડ કોડ-૧૯૯૨માં નક્કી થયા પ્રમાણે વિદ્યાર્થી-શિક્ષક રેશીયા મુજબ, સંબંધિત સંસ્થાએ રોસ્ટર પોઈન્ટ સાથેની જગ્યાની મંજુરી નિયામક સમાજ સુરક્ષા પાસે મેળવવાની રહેશે.
2. જગ્યા મંજુરી મળતા સંબંધિત સંસ્થાએ, જિલ્લા કક્ષાની પસંદગી સમિતિને તમામ વિગતો સાથે જગ્યા ભરવા અંગેની દરખાસ્ત કરવાની રહેશે.
3. જિલ્લા કક્ષાની પસંદગી સમિતિએ સંબંધિત સંસ્થાની દરખાસ્ત મળ્યેથી બહોળી પ્રસિધ્ધિ ધરાવતા વર્તમાન પત્રમાં જાહેરાત આપી સ્પે.ટેટ-૧ અને સ્પે. ટેટ-૨ પાસ ઉમેદવારો પાસેથી નિયત અરજીપત્રકમાં અરજીઓ મંગાવવાની રહેશે. ઉમેદવારોએ નિયત અરજી ફોર્મ સાથે જાહેરાતમાં ઉલેખ કર્યા મુજબના પ્રમાણપત્રોની પ્રમાણિત ઝેરોક્ષ નકલો બીડવાની રહેશે. નિયત લાયકાત ધરાવતા ઉમેદવારોએ જાહેરાત પ્રસિધ્ધ થયેથી દિન-૧૦(દશ)માં R.P.A.D. થી અરજી કરવાની રહેશે. અધુરી વિગતવાળી, કુરિયરથી, સાદી ટપાલથી, રૂબરૂમાં આપેલ અને સમય મર્યાદા પછી આવેલ અરજીઓ અમાન્ય ગણાશે.
4. નિયત થયેલ સ્પે.શિક્ષક યોગ્યતા પરીક્ષા-૧ અને સ્પે.શિક્ષક યોગ્યતા પરીક્ષા-૨ જાહેરાતમાં અરજી કરવાની છેલ્લી તારીખે પાસ કરેલી હોવી જોઈશે.
5. ઉમેદવારે પાસ કરેલ સ્પેશ્યલ બી.એડ/સ્પેશ્યલ ડીપ્લોમાં (માન્ય યુનિવર્સિટી તેમજ રીહેબીલેશન કાઉન્સિલ ઓફ ઈન્ડિયા(RCI)) માન્ય સંસ્થામાથી જ પાસ કરેલી હોવી જોઈએ અને સ્નાતક કક્ષાની ડીગ્રી માન્ય કરેલ યુનિવર્સિટિમાંથી મેળવેલ હોવી જોઈશે.
6. ઉમેદવારે અરજી કરવાની તારીખે RCI હેઠળ CRR (Central Rehabilitation Registration) ફરજીયાત મેળવેલ હોવુ જોઈશે અને તેની વૈધતા પૂર્ણ થયેલ હોય તો રીન્યુઅલ કરાવેલ હોવી જોઈશે.
7. મદદનીશ શિક્ષક અને આચાર્યની શૈક્ષણિક લાયકાત, ઉંમર તથા અન્ય લાયકાતો માટે સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા નિયામક, સમાજ સુરક્ષા હસ્તકના જે-તે સંવર્ગ માટે નિયત કરેલ ભરતી નિયમો મુજબની રહેશે.
8. જિલ્લા કક્ષાની પસંદગી સમિતિ આવેલ અરજીઓની નિયત થયેલ તાલીમી/શૈક્ષણિક લાયકાત,ઉંમર વગેરેની ચકાસણી કરી નક્કી કર્યા મુજબની ગુણાંકન પધ્ધતિ આધારે મેરિટ લિસ્ટ બનાવશે.
9. જિલ્લા કક્ષાની પસંદગી સમિતિએ નિયત લાયકાત ધરાવતા ઉમેદવારોની અરજીઓની સંપૂર્ણ ચકાસણી કર્યા બાદ પ્રસ્તુત ઠરાવથી ઉમેદવારોની પસંદગી માટે નિયત થયેલ ધોરણો લક્ષમાં લઈ જે તે કેટેગરી પ્રમાણે ક્રમ નં એક થી ત્રણ ઉમેદવારોની મેરિટ યાદી તૈયાર કરવાની રહેશે. મેરીટના આધારે પ્રથમ ક્રમે પસંદગી થયેલ ઉમેદવારને રુબરુમાં બોલાવી અસલ પ્રમાણપત્રો સાથેની ચકાસણી કરી તે યોગ્ય જણાતા તે ઉમેદવારને નિમણૂક આપવા અંગે કાર્યવાહી કરવા સંબંધિત સંસ્થાને જણાવશે. જો પ્રથમ ક્રમના ઉમેદવાર નિમણુક આદેશ બાદ હાજર ન થાય અથવા કોઇ પણ કારણસર અપાત્ર ઠરે તો બીજા ક્રમના અને ત્યારબાદ ત્રીજા ક્રમના મેરીટ યાદીના ઉમેદવારના પ્રમાણપત્રોની ચકાસણી કરી ક્રમાનુસાર પસંદગી કરવાની રહેશે તે પૈકી બીજા અથવા ત્રીજા ક્રમના નિમણૂક થયેલ ઉમેદવાર હાજર થતા સદર જાહેરાત પૂર્ણ થયેલ ગણાશે.
10. સંબંધિત સંસ્થાએ પસંદગી થયેલ ઉમેદવારની નિમણુંક બહાલીની મંજૂરી અર્થે સમાજ સુરક્ષા અધિકારીશ્રી મારફતે નિયામક સમાજ સુરક્ષા કક્ષાએથી નક્કી કર્યા મુજબના ફોર્મેટ અને જરૂરી દસ્તાવેજો સાથે દરખાસ્ત કરવાની રહેશે.
11. નિયામક સમાજ સુરક્ષા ગાંધીનગર દ્વારા મળેલ બહાલીને આધારે સંબંધિત ઉમેદવારને સંસ્થા દ્વારા નિમણૂક પત્ર પાઠવી હાજર થવા જાણ કરવાની રહેશે. ઉમેદવાર હાજર થયેથી જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી મારફતે નિયામક સમાજ સુરક્ષાને તે અંગેની જાણ કરવાની રહેશે.
12. જીલ્લા કક્ષાની પસંદગી સમિતિએ સંસ્થાને ફાળવેલ મદદનીશ શિક્ષક/આચાર્યને સંસ્થાએ જાહેરાત આપવાની કાર્યવાહી, બહાલી મેળવવાની કાર્યવાહી અને પસંદગી થયેલ ઉમેદવારને હાજર કરવા અંગેની પ્રક્રિયા ફરજીયાત કરવાની રહેશે. જો સંસ્થા આવું ન કરે તો સંસ્થાની માન્યતા રદ કરવા માટેની કાર્યવાહી ગ્રાન્ટ ઈન એઈડ કોડ-૧૯૯૨ને આધિન નિયામકશ્રી, સમાજ સુરક્ષા કરશે અને તે સંબંધિત સંસ્થાને ફરજીયાત માન્ય રહેશે.
13. સંબંધિત ઉમેદવાર જે તે જગ્યા ઉપર નિયત સમય મર્યાદામાં દિન-૩૦માં હાજર નહિ થાય તો તેમની નિમણુંક રદ બાતલ ગણવામાં આવશે.
14. ઉમેદવારે સરકારશ્રી દ્વારા વખતો વખત નક્કી કર્યા મુજબની પરીક્ષાઓ પાસ કરવાની રહેશે અને સરકારશ્રી દ્વારા નક્કી કર્યા મુજબના નિયમો લાગુ પડશે.
15. મદદનીશ શિક્ષકને સરકારશ્રીના તા.૧૬.૦૨.૨૦૦૬ના ઠરાવથી ફિક્સ પગારની નિતિ અન્વયે આ જગ્યાના પગાર ધોરણ રૂ.૨૯૨૦૦-૯૨૩૦૦, લેવલ-૫ સામે માસિક ફિક્સ પગાર રૂ.૩૧૩૪૦/- થી પાંચ વર્ષના સમયગાળા માટે કરાર આધારિત નિમણુંક આપવાની રહેશે.
16. આચાર્યને સરકારશ્રીના તા.૧૬.૦૨.૨૦૦૬ના ઠરાવથી ફિક્સ પગારની નિતિ અન્વયે આ જગ્યાના પગાર ધોરણ રૂ.૩૯૯૦૦-૧૨૬૬૦૦, લેવલ-૭ સામે માસિક ફિક્સ પગાર રૂ.૩૮૦૯૦/- થી પાંચ વર્ષના સમયગાળા માટે કરાર આધારિત નિમણુંક આપવાની રહેશે.
17. સરકારશ્રીની વખતોવખતની ફિક્સ પગારની સૂચના અને શરતોને આધિન નિયામક, સમાજ સુરક્ષાએ બહાલી આપવાની રહેશે.
18. મદદનીશ શિક્ષક/આચાર્ય તરીકે નિમાયેલ ઉમેદવારની સેવાઓ પાંચ વર્ષ દરમ્યાન સંતોષકારક જણાય તો પાંચ વર્ષ પૂર્ણ કર્યેથી સંબંધિત સંસ્થાના મહેકમમાં નિયમિત પગાર ધોરણમાં ક્રમાનુસાર સમાવવા બાબતની વિગતવાર દરખાસ્ત સંબંધિત જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી મારફતે નિયામક, સમાજ સુરક્ષાને કરવાની રહેશે. પાંચ વર્ષના ફિક્સ પગારના સમયગાળામાં લાગુ પડતી પરીક્ષાઓ પાસ કર્યેથી અને કરારીય નોકરીનો સમયગાળો સંતોષકારક રીતે પૂર્ણ કરતા સંસ્થા દ્વારા જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી મારફતે નિયમિત પગાર ધોરણમા સમાવવા અંગેની દરખાસ્ત કરવાની રહેશે, જે ધ્યાને લઈ નિયામકશ્રી સમાજ સુરક્ષા દ્વારા આદેશ કરવાના રહેશે.
19. શૈક્ષણિક લાયકાત, ઉંમર અને અન્ય બાબતે કોઈ પ્રશ્ન ઉપસ્થિત થશે તો સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો નિર્ણય આખરી ગણાશે .
20. ગ્રાન્ટ ઇન એઇડ કોડ-૧૯૯૨ની કલમ-૭ (માન્યતા પાછી ખેંચવા બાબત) મુજબ માન્યતા અપાયેલ સંસ્થા તેના મૂળભૂત હેતુ સિધ્ધ કરવામાં નિષ્ફળ નિવડી હોઇ, નિયામક સમાજ સુરક્ષા સંસ્થાની માન્યતા રદ કરશે. તેથી સંસ્થામાં મંજુર થયેલ જગ્યા મંજુરીના આદેશ આપોઆપ બીન અમલી બનશે અને તે જગ્યા પર ફરજ બજાવતા કર્મચારીગણના બહાલી આદેશ તદ્દનુસાર બિન અમલી બનશે.

આ ઠરાવ સરખા ક્રમાંકની ફાઇલ પર માન. મંત્રીશ્રી (સા.ન્યા.)ની તા.૨૨/૦૯/૨૦૨૩ની મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( પ્રમેશ ગામેતી )
સેક્શન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.

**પ્રતિ,**

1. માન.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
2. માન.રા.ક.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
3. નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લોક નં.૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
4. નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, બ્લોક નં.૪, બીજો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
5. એકાઉન્ટટ જનરલશ્રી, ગુજરાત, અમદાવાદ / રાજકોટ.
6. સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ (મારફતે:- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં. ૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર)
7. છ શાખા, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.
8. સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ- વિભાગની વેબસાઇટ પર મુકવાની વિનંતી સહ.
9. સિલેક્ટ ફાઇલ.

ગ્રાન્ટ ઈન એઈડ સંસ્થાઓમાં આચાર્ય અને મદદનીશ શિક્ષકોની ભરતી માટેની પદ્ધતિ નક્કી કરવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.,
ઠરાવ ક્રમાંક: SJED/WOH/e-file/17/2022/0005/CHH-1 PF-2
સચિવાલય, ગાંધીનગર.
તા. /૦૪/૨૦૨૪

વંચાણે લીધા:-

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૨/૦૯/૨૦૨૩ નો સરખા ક્રમાંકનો ઠરાવ.

સુધારા ઠરાવ**:-**

વંચાણે લીધેલા ક્રમાંક (૧) પરના વિભાગના તા.૨૨/૦૯/૨૦૨૩ના ઠરાવથી ગ્રાન્ટ ઈન એઈડ સંસ્થાઓમાં આચાર્ય અને મદદનીશ શિક્ષકોની ભરતી માટેની પદ્ધતિ નક્કી કરવામાં આવેલ છે. ઉક્ત ઠરાવમાં નીચે મુજબના સુધારા કરવામાં આવે છે.

1. સદર ઠરાવની શરતો અને પસંદગી સમિતિની રચનામાં **શરત નં. ૧૫ અને ૧૬** માં મદદનીશ શિક્ષક અને આચાર્ય માટેના પગાર ધોરણ સામે ૦૫ (પાંચ) વર્ષના કરારીય સમયગાળા દરમ્યાન માસિક ફિક્સ પગાર સરકારશ્રી દ્વારા વખતો વખત નક્કી કર્યા મુજબ આપોઆપ લાગુ પડશે.
2. સદર ઠરાવની જે જગ્યાએ સ્પે. ટેટ-૧ અને સ્પે. ટેટ-૨ લખેલ છે તે જગ્યાએ સ્પે. ટેટ-૧**અથવા** સ્પે. ટેટ-૨ એમ વાંચવું.
3. વંચાણે લીધેલા ક્રમાંક (૧) પરના વિભાગના તા.૨૨/૦૯/૨૦૨૩ના ઠરાવથી નક્કી કરવામાં આવેલ, **મદદનીશ શિક્ષક / આચાર્ય માટેની પસંદગી માટે ગુણાંકન પદ્ધતિમાં** નિયામકશ્રી, સમાજ સુરક્ષા હસ્તકના મદદનીશ શિક્ષક/આચાર્યના ભરતી નિયમોમાં જણાવેલ શૈક્ષણિક, તાલીમી લાયકાત, અનુભવ અને સ્પે. ટેટ -૧ અથવા સ્પે. ટેટ -૨ માં જે તે અનામત કેટેગરી માટે નિયત થયેલ લઘુતમ ગુણ મેળવેલ ઉમેદવારોની પસંદગી યાદી તૈયાર કરવા માટે નીચે મુજબ ગુણભાર (Weightage) આપવામાં આવશે.

| | |
|---|---|
| **૧.) સ્નાતકમાં મેળવેલ ગુણના** | **-** |
| **૨.) સ્પેશ્યલ બી.એડ/સ્પેશ્યલ ડીપ્લોમાં (દિવ્યાંગતાની સંબધીત કેટેગરીની ભરતી અંગેના વિષયમાં)મેળવેલ ગુણના** | **-** |
| **૩.) સ્પેશ્યલ ટી.ઈ.ટી.-૧/ સ્પેશ્યલ ટી.ઈ.ટી.-૨ માંથી મેળવેલ ગુણના** | **૧૦૦ ટકા** |

આ ઠરાવ સરખા ક્રમાંકની ફાઈલ પર મળેલ માન. મંત્રીશ્રી (સા.ન્યા.)ની તા./૦૪/૨૦૨૪ની મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( પ્રમેશ ગામેતી )
સેક્શન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.

**પ્રતિ,**

1. માન.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
2. માન.રા.ક.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
3. નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લોક નં.૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
4. નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, બ્લોક નં.૪, બીજો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
5. એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત, અમદાવાદ / રાજકોટ.
6. સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ (મારફતે:- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં. ૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર)
7. છ શાખા, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.
8. સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ- વિભાગની વેબસાઈટ પર મુકવાની વિનંતી સહ.
9. સિલેક્ટ ફાઈલ.

Signature Not Verified
Signed by:P M Gameti
Section Officer
Date: 2024.06.10
11:09:09 +05:30


*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*

ગ્રાન્ટ ઈન એઈડ સંસ્થાઓમાં આચાર્ય અને
મદદનીશ શિક્ષકોની ભરતી માટેની પધ્ધતિ
નક્કી કરવા બાબત

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ
ઠરાવ ક્રમાંક: SJED/WOH/e-file/17/2022/0005/CHH-1 PF-2
સચિવાલય, ગાંધીનગર.
તા. /૦૧/૨૦૨૫

17 APR 2025

વંચાણે લીધા:-

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૨/૦૯/૨૦૨૩ નો સરખા ક્રમાંકનો ઠરાવ.

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૦/૦૬/૨૦૨૪ નો સરખા ક્રમાંકનો ઠરાવ.

(૩) સામાન્ય વહીવટ વિભાગનો તા.૧૦/૦૮/૨૦૧૬નો ઠરાવ ક્રમાંક :- પીએસસી/૧૦૮૯/૩૯૧૦/ગ-૨

(૪) સામાન્ય વહીવટ વિભાગનો તા.૨૭/૦૭/૨૦૧૮નો ઠરાવ ક્રમાંક :- પીએસસી/૧૦૮૯/૩૯૧૦/ગ૨.

(૫) શિક્ષણ વિભાગનો તા.૧૭/૦૩/૨૦૨૩નો ઠરાવ ક્રમાંક :- પીઆરઇ/૧૧૧૦/૨૨૩/ક.

(૬) નિયામકશ્રી સમાજ સુરક્ષાનો તા.૧૧/૧૨/૨૦૨૪નો પત્ર ક્રમાંક :-DSD/APG/e-file/226/2022/0190/APG Branch.

સુધારા ઠરાવ:-

વંચાણે લીધેલા ક્રમાંક (૧) પરના વિભાગના તા.૨૨/૦૯/૨૦૨૩ના ઠરાવથી ગ્રાન્ટ ઈન એઈડ સંસ્થાઓમાં આચાર્ય અને મદદનીશ શિક્ષકોની ભરતી માટેની પધ્ધતિ નક્કી કરવામાં આવેલ છે. તેમજ વંચાણે લીધેલા ક્રમાંક (૨) પરના વિભાગના તા.૧૦/૦૬/૨૦૨૪ના ઠરાવથી ગ્રાન્ટ ઈન એઈડ સંસ્થાઓમાં આચાર્ય અને મદદનીશ શિક્ષકોની ભરતી માટેની ગુણાંકન પધ્ધતિમાં સુધારો કરવામાં આવેલ છે.

વંચાણે લીધેલા ક્રમાંક (૩) અને ક્રમાંક (૪) પરના સામાન્ય વહીવટ વિભાગના ઠરાવોથી સીધી ભરતીમાં રાખવામાં આવતી પ્રતીક્ષાયાદીનુ કદ જાહેરાતમાં દર્શાવેલ જગ્યાના ૨૦% રાખવાનું રહેશે, તેમ ઠરાવેલ છે. તેમજ વંચાણે લીધેલા ક્રમાંક (૫) પરના શિક્ષણ વિભાગના તા.૧૭/૦૩/૨૦૨૩ના ઠરાવથી પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિએ ઉમેદવારોની પસંદગી યાદીમાં દર્શાવેલી જગ્યાઓની ૨૦ ટકાની મર્યાદામાં કેટેગરી વાઇઝ પ્રતિક્ષાયાદી તૈયાર કરવાની રહેશે. આ પ્રતિક્ષાયાદી તૈયાર થયા તારીખથી એક વર્ષ અથવા પછીની ભરતી પ્રક્રિયા માટે જાહેરાત અપાય તે તારીખના આગળના દિવસના કચેરી સમય એ બે માંથી જે વહેલું હોય ત્યાં સુધી અમલમાં રહેશે. આ સમય મર્યાદા પૂર્ણ થતાં તે પ્રતિક્ષાયાદી આપોઆપ રદ થયેલ ગણાશે, તેમ ઠરાવેલ છે. નિયામકશ્રી સમાજ સુરક્ષા દ્બારા વંચાણે લીધેલા ક્રમાંક (૬) પરના પત્રથી મેરીટયાદી બનાવી પ્રતીક્ષાયાદી તૈયાર કરવા બાબતે સુધારો કરવા વિનંતી કરેલ હતી. પુખ્ત વિચારણાને અંતે ઉક્ત ઠરાવની શરત નં.૯માં નીચે મુજબનો સુધારો કરવામાં આવે છે.

**( ૯) "સામાન્ય વહીવટ વિભાગના તા.૧૦/૦૮/૨૦૧૬, તા.૨૭/૦૭/૨૦૧૮ તેમજ તા.૧૦/૧૨/૨૦૧૮ના ઠરાવ ક્રમાંક :- પીએસસી/૧૦૮૯/૩૯૧૦/ગ-૨ તથા તેમા વખતો વખતના સુધારા મુજબ દર્શાવેલી જગ્યાઓની ૨૦ ટકાની મર્યાદામાં કેટેગરી વાઇઝ પ્રતિક્ષાયાદી તૈયાર કરવાની અને આ પ્રતિક્ષાયાદી તૈયાર થયા તારીખથી એક વર્ષ અથવા પછીની ભરતી પ્રક્રિયા માટે જાહેરાત અપાય તે તારીખના આગળના દિવસના કચેરી સમય એ બે માંથી જે વહેલું હોય ત્યાં સુધી અમલમાં રહેશે. "**

**i. જો જાહેરાતમાં કેટેગરી વાઇઝ ૦૧ થી ૧૦ જગ્યાઓ હોય, તો કેટેગરીવાઇઝ ઓછામાં ઓછા ૦૨ ઉમેદવારોની પ્રતિક્ષાયાદી અવશ્ય બનાવવાની રહેશે.જો કેટેગરી વાઇઝ જગ્યાની સંખ્યા ૧૦ થી વધુ હોય તો જગ્યાની સંખ્યાના ૨૦% જેટલા ઉમેદવારોની પ્રતિક્ષાયાદી બનાવવાની રહેશે. જગ્યાની સંખ્યા સામે ૨૦% પ્રમાણે ગણતરી કરતા જો સંખ્યા અપૂર્ણાંકમાં આવે, તો નજીકની ઉપરની પૂર્ણાંક સંખ્યાને ધ્યાને લઈ પ્રતિક્ષાયાદી તૈયાર કરવાની રહેશે. (દા.ત. કોઇ એક કેટેગરીમાં ૧૨ જગ્યાઓ હોય તો ૧૨ ના ૨૦% લેખે પ્રતિક્ષાયાદીનું કદ ૨.૪ થશે, તે સંજોગોમાં તે કેટેગરી માટે ઉપરની પૂર્ણાંક સંખ્યા ધ્યાને લઈ ૦૩ ઉમેદવારોની પ્રતિક્ષાયાદી બનાવવાની રહેશે.) પ્રતિક્ષાયાદીનું કદ નિર્ધારીત કરવા જાહેરાતમાં દર્શાવેલ કેટેગરીવાઇઝ સંખ્યાને ધ્યાને લેવાની રહેશે. જે ઉમેદવારોનો સમાવેશ સફળ ઉમેદવારોની યાદીમાં અથવા પ્રતિક્ષાયાદીમાં થઈ શક્યો ન હોય, તે ઉમેદવારોને અસફળ ઉમેદવારોની યાદીમાં દર્શાવવાના રહેશે.**

ગ્રાન્ટ ઈન એઈડ સંસ્થાઓમાં આચાર્ય અને મદદનીશ શિક્ષકોની ભરતી માટે મેરીટયાદી બનાવી પ્રતીક્ષાયાદી તૈયાર કરવા બાબતે સામાન્ય વહીવટ વિભાગના તા.૧૦/૦૮/૨૦૧૬ના તેમજ તા.૨૭/૦૭/૨૦૧૮ના ઠરાવ ક્રમાંક :- પીએસસી/૧૦૮૯/૩૯૧૦/ગ-૨ની અન્ય જોગવાઇઓ તથા સરકારશ્રીના વખતો વખતના સુધારા લાગુ પડશે.

ઉક્ત સુધારા ઠરાવની અમલવારી ઠરાવ પ્રસિધ્ધ થયા તારીખથી કરવાની રહેશે.

આ ઠરાવ સરખા ક્રમાંકની ફાઈલ પર મળેલ માન. મંત્રીશ્રી (સા.ન્યા.)ની મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( પ્રમેશ ગામેતી )
સેક્શન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.

પ્રતિ,

1. માન.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
2. માન.રા.ક.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
3. અગ્ર સચિવશ્રી (સા.ન્યા.)ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
4. નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લોક નં.૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
5. સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ (મારફતે:- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં. ૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર)
6. છ શાખા, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.
7. સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ- વિભાગની વેબસાઇટ પર મુકવાની વિનંતી સહ.
8. સિલેક્ટ ફાઈલ.